C.R.M.A.J./ 10402 /2024

૧૨૧૬૧ પોસ્ટે પોલીસ સ્ટે. ગુના રજી નં.- 11210060241580/24

**આરોપીની જામીન અરજી લગત હુકમ**

હાલના કામે આરોપી પર ઉપરોકત કલમ મુજબનો ગુનો દાખલ થયેલ છે તથા આરોપીનું પ્રોડકશન થતા જામીન અરજી રજુ થયેલ છે.અરજી તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું, બંને પક્ષે રજુઆત સાંભળી.

હાલના કામે આરોપીને આજરોજ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તથા આરોપીની પોલીસ તપાસ પૂર્ણ થતાં હાલની જામીન અરજી રજુ કરેલ છે. આરોપી તરફે વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપી હવેથી આવા ગુનાઓમાં નહી સંડોવાય તેવી ખાત્રી આપતા હોય,તથા આરોપી ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવાઈ ગયેલા હોઈ તથા નિર્દોષ હોઈ આરોપીને જામીન મુક્ત કરવા અરજ કરેલ છે તથા ટ્રાયલ સમયે આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેશે તેવી ખાત્રી આપતા હોય જામીન અંગેના નામ.સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાનમાં રાખતા તથા કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત **"Bail is Rules, Jail is Exception"** ને ધ્યાને રાખતા સદરહું આરોપીને નીચેની શરતોએ જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

એફ.આઈ.આર.વંચાણે લીધી દરેક આરોપીના **રૂ૦ ૧૦,૦૦૦/-** ( અંકે રૂ. દસ હજાર પુરા ) ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) આરોપીએ પોતાનું કાયમી સરનામું,સંપર્ક નંબર તથા ઓળખના પુરાવા (ફોટો આઈકાર્ડ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા) સહીત પુરસીસથી જાહેર કરવુ. તથા સરનામુ બદલાય તો તાત્કાલિક, બીનચુકે લગત પોલિસ સ્ટેશન સમક્ષ નવા સરનામાની જાણ કરવી.

(૨) સદરહુ આરોપીએ આ પ્રકારની ગુનાહીત પ્રવૃતિઓથી દુર રહેવુ. તથા પોલીસ તપાસમાં સાથ સહકાર આપવો.

(૩) સદરહુ આરોપીએ ત.ક.અ. દ્વારા જ્યારે નોટીસ આપીને બોલાવવામાં આવે ત્યારે તપાસના કામે હાજર રહેવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૨૨/૦૬/૨૦૨૪
સુરત

૧૨મા એડી.સિની.સી અને
એ.સી.જે.એમ, સુરત.